# પ્રકરણ ૩ :

# પેરેલિસિસ :

# સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

ચન્દ્રકાંત બક્ષીનો જન્મ પાલનપુરના જૈન કુટુંબમાં તા.૨૦ ઓગસ્ટ, ૧૯૩૨ના રોજ થયો હતો. બી.એ.ની ડિગ્રી કલકત્તાની સેંટસ્ટીફન કોલેજમાંથી મેળવ્યા બાદ તેમણે એમ.એ. અને એલ.એલ.બીનો અભ્યાસ પણ કર્યો. આટલું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી જીવન નિર્વાહ માટે કલકત્તામાં બાર વર્ષ સુધી પોતાની કાપડની દુકાન ચલાવી. આખરે ચંદ્રકાન્ત બક્ષી ૧૯૬૭માં કલકત્તાથી મુબંઇ આવે છે અને ત્યાં વિલેપાર્લેની મીઠીબાઇ આર્ટ્સ કોલેજમાં ઇતિહાસના અધ્યાપક તરીકે ૧૯૭૦માં જોડાય છે. થોડો સમય માટે આ કોલેજમાં આચાર્ય પણ બને છે.

કલકત્તા જેવી સાહિત્ય અને કલાનગરીના અનુભવોનું ભાથું તેમને સફળતા પૂર્વક સર્જનમાં ઉપયોગી થાય એ સ્વભાવિક છે. બક્ષી પાસેથી ૧૯૫૭માં 'પડઘા ડુબી ગયા' નામની પ્રથમ નવલકથા મળે છે. ત્યારબાદ ૧૯૫૯માં 'રોમા' અને 'એકલતના કિનારા' પછી ૧૯૬૩માં 'આકાર', ૧૯૬૫માં 'એક અને એક' પછી ૧૯૬૭માં તેમની પાસેથી 'પેરેલિસિસ' નવલકથા આપણને  પ્રાપ્ત થાય છે. આ કૃતિ સર્જકને વધુ પરિપક્વ બનાવે છે. સાથે સાથે કલકત્તાના પરિવેશમાંથી બહાર નીકળી નવા વાતાવરણમાં આ કથાને સર્જકે આલેખી છે. નૈનીતાલથી પરત ફરીને ૧૯૬૫માં તેમણે 'પેરેલિસિસ' લખવી શરૂ કરી હતી. એટલે જ 'પેરેલિસિસ' નવલકથામાં આપણને પહાડી વાતાવરણમાં નૈનીતાલની છાપનો આછો અનુભવ જોવા મળે છે.

ચંદ્રકાન્ત બક્ષી પાસેથી પચ્ચીસથી પણ વધુ નવલકથા ઉપરાંત 'બક્ષીનામા'ના ત્રણ ભાગમાં આત્મકથા, બે નાટકો, બારેક વાર્તાસંગ્રહો, આઠેક પ્રવાસનિબંધના સંગ્રહો, ઇતિહાસ અને સંસ્કૃતિલેખનના ઓગણીસ જેટલા પુસ્તકો, અનુવાદ, વિવિધ જ્ઞાન- વિજ્ઞાન શ્રેણી....વગેરે ગુજરાતી સાહિત્યને તેમના દ્વારા મળેલી અમૂલ્ય ભેટ છે. આમ, સાહિત્યના વિશાળ ફલક પર વિવિધ ક્ષેત્રોમાં પ્રસિદ્ધિ પામનાર 'ઘટનાના બેતાજ બાદશાહ'નું બીરૂદ પામનાર ચન્દ્રકાંત બક્ષીની 'પેરેલિસિસ'માં નિરૂપાયેલા સ્વપ્નોને પ્રયુક્તિ સ્વરૂપે તપાસવાનો ઉપક્રમ છે.

'પેરેલિસિસ'ની કથાવસ્તુ કંઇક આવી છે... પોતાની પત્ની અને પછી વહાલસોયી પુત્રી મારીશાને અકાળે ગુમાવી હતાશ થયેલો પ્રો. અરામ શાહ થોડો સમય હિલસ્ટેશન પર સમય વિતાવવા આવે છે. જયાં એક દિવસ મૉર્નિંગવૉક કરવા જતા વહેલી સવારે તેને પેરેલિસિસનો હુમલો આવે છે જેથી હોસ્પિટલના ખાટલે પહોંચી જાય છે. જીવન હજુ બાકી છે. અને કોઇ પણ સ્થિતિમાં જીવવું જ પડશે  તેવા નિર્દેશ સાથે પ્રો. અરામ શાહ અર્ધઅંગ પેરેલાઇઝ સાથે બચી જાય

છે. આ પેરેલિસિસનો આંચકો તેમના બાહ્યશરીર કરતા આંતરમનની અસરનું કારણ છે જેની સ્પષ્ટતા કથા જેમ જેમ આગળ વધે છે તેમ ઉઘડે છે. બધુ જ પુરુ થઇ ગયુ છે તેવી નિરાશા ભરી સ્થિતિમાં મેટ્રન આશિકા દીપ પ્રો. અરામ શાહના જીવનમાં આશાનું કિરણ બનીને આવે છે. જેમ જેમ કથા આગળ ધપે છે તેમ તેમ ખબર પડે છે કે, બન્ને સમદુઃખીયા એકલવાયા ભેગા થયા છે. આશીકા દીપને સહારે પેરેલાઇઝડ થયેલ શરીર અને જીવનને સ્થિર કરવાના પ્રયત્નો કરતાં પ્રો. અરામ શાહ થોડા સમય ભૂતકાળ અને થોડો સમય વર્તમાનમાં આવ-જા કર્યા કરે છે. આ આવન–જાવનની ચૈતસિક ઘટનાક્રમમાં અરામશાહનો સમગ્ર ભૂતકાળ ઝિલાયો છે. જેમાં તેની પત્ની સાથેના સંબંધો પુત્રી જન્મ પૂર્વેની ખુશી - પુત્રી જન્મ - તેનું નામકરણ(મારીશા) - તેનો ઉછેર- પત્નીની બીમારી - પત્નીનું મૃત્યુ - એકલા હાથે પુત્રી(મારીશા)ને મોટી કરવી - મારીશા દ્વારા પોતાનાથી મોટી ઉંમરના ક્રિશ્ચન વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરવો - કોચવાતા મને પુત્રી મારીશાને કજોડા લગ્નમાં જોડાવા દેવી – કાળજાના કટકાને અનિચ્છાએ પોતાનાથી દૂર કરવી - પુત્રીના પત્ર દ્વારા વ્યક્ત થતી વ્યથા - મારીશાના પતિને અગાઉ પત્ની અને બાળક હોવાની વાત - પુત્રીના દુઃખના અહેસાસ વચ્ચે આશાના કીરણ સમા પુત્રીના સગર્ભા થવાના સમાચાર - અને એક મોટો ભૂકંપ - પુત્રી મારીશાનો આપઘાત......

નવલકથાનો નાયક અરામ શાહ વ્યવસાયે યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. કથાની શરૂઆતમાં જ તેને પેરેલિસિસનો અટેક આવતા હોસ્પિટલ પહોચાડવામાં આવે છે. હોસ્પિટલમાં ડોક્ટર અને મેટ્રન સાથેની વાતચીતથી ખબર પડે છે કે તે અહિ ફરવા આવ્યો છે. તેના જીવન વિશેની બાકીની માહિતી તેની યાદો દ્વારા અને સ્વપ્નાઓ દ્વારા ધીરે ધીરે ખુલતી જાય છે. તેના સંસ્મરણો અને સ્વપ્નો પરથી ખબર પડે છે કે એક સમયે તેનું નાનું અને સુખી કુટુંબ હતું. તે અને તેની પત્નીના જીવનમાં સુખોમાં વધારો કરવા એક પુત્રીનું આગમન થાય છે જેનું નામ નાયક મારીશા રાખે છે. મારીશા ધીરે ધીરે મોટી થાય છે જેમ દરેક માતાપિતા પોતાના બાળકના શિક્ષણ, અને લગ્નજીવનના સ્વપ્નો સેવે છે તેમ જ આ દંપતી પણ મીઠા સ્વપ્નોમાં રાચે છે. મારીશા હજુ ચાર વર્ષની હોય છે ત્યાં એક દિવસ તેની પત્નીને ગર્ભાશયમાં સોજો હોવાનું નિદાન થાય છે અને ડોક્ટર જણાવે છે કે, જ્યાં સુધી તેની સારવાર ન થાય ત્યાં સુધી તે બાળક કન્સીવ કરી શકશે નહિ. નાયક ઈચ્છે છે કે, બે બાળક હોય તો બાળકોને એકબીજાની કંપની મળી રહે. નાયકની પત્નીની સારવાર થાય છે. તેનો ગર્ભાશયનો સોજો ઉતરે છે ફરી ચડે છે અને ફરી ઉતરે છે. તેની

પત્ની ફરી પ્રેગ્નેન્ટ થાય છે પરંતુ ટૂંક સમયમાં જ તેને મિસકેરેજ થાય છે. આ તકલીફને કારણે તેને ગર્ભાશયનું કેન્સર થાય છે. આ અસાધ્ય બીમારીમાં જજુમતી પત્નીની સારવાર સાથે નાની બાળકી મારીશાની જવાબદારી પણ નાયકના માથે આવે છે. બીમાર પત્નીને પતિ સાંત્વના આપે છે પણ એક માતાના હ્રદયમાં હોય તેવો ડર પણ તેને સતાવે છે કે પોતાના મૃત્યુ બાદ પતિ બીજું લગ્ન કરી લેશે અને અપરમાં આવશે તો તેની મારીશાનું શું થશે ? નાયક તેને સમજાવે છે કે પોતે બીજા લગ્ન નહિ કરે. ખરેખર તેની પત્નીના મૃત્યુ બાદ તે બીજું લગ્ન નથી કરતો. તેની પુત્રી પણ મોટી ઉંમરે લગ્ન કરવાનું કહે છે ત્યારે પણ તે કહે છે કે તેની હસ્તરેખામાં માત્ર બે સ્ત્રીઓનો સહયોગ લખાયો છે એક તે અને બીજી તેની માતા.

પત્નીના મૃત્યુબાદ નાયક અને મારીશા એકબીજાને સંભાળવા લાગે છે. જવાબદારીઓ મારીશાને સમય કરતા વહેલી પરિપક્વ બનાવી દે છે. પિતા પુત્રીના સંબંધો મિત્રતાની કક્ષાએ પહોચી શક્યાં છે. આ બાબતની સાબિતી તેમના વ્યવહારો અને સંવાદો આપે છે. મારીશા પિતા સામે જ કપડાં બદલી શકે છે. પોતાના પિતાને બીજા લગ્ન માટે કહી શકે છે તેથી આગળ વધી પોતે કોઈ પુરુષને પ્રેમ કરે છે તે બાબત પણ કોઈ ડર વિના જણાવી શકે છે. નાયકની પત્ની લાંબી માંદગી બાદ મૃત્યુ પામી છે અને હવે તેના પ્રેમ અને સંવેદનનો એક માત્ર આધાર તેની પુત્રી મારીશા રહી હોય છે. તેના પ્રણયની વાત જાણી તેનાથી દુર થવાના વિચારથી નાયકમાં રહેલ પિતા જાગી જાય છે. તેને આ પોતે આપેલ છૂટનું પરિણામ લાગે છે. આમ તો તેને પ્રેમલગ્ન સામે કોઈ વિરોધ નથી પણ મુશ્કેલી એ વાતની છે કે મારીશા જે યુવકના પ્રેમમાં છે તે જ્યોર્જ વરગીસ મારીશા કરતા અગિયાર વર્ષ મોટો છે, કેરેલાનો છે અને ધર્મે ક્રિશ્ચિયન છે.

નાયક ગમે તેમ કરી મન મનાવે છે કે જીવવાનું તો અંતે મારીશાને છે ને અને જ્યોર્જને છે. જ્યોર્જ ક્રિશ્ચિયન હોય એટલે ખરાબ હશે એવું થોડું હોય. જ્યોર્જ કોલેજમાં લેકચરર છે, કમાય છે અને મારીશાને સાચવે એટલે બસ. એક પિતા તરીકે તેને એમ લાગે છે કે મારીશા હજુ નાની છે. અઠાર વર્ષે એણે લગ્ન કરવાનો નિર્ણય ન લેવો જોઈએ. તેણે થોડું ભણી, એકાદ બે ડિગ્રી લઈ અને નિરાંતે વિચારીને નિર્ણય લેવો જોઈએ. બીજી તરફ મારીશા જણાવી દે છે કે તે જ્યોર્જ સાથે જ લગ્ન કરશે. જો તેના પિતા એ માટે રાજીન થાય તો તે પોતે ઘરેથી ભાગી જવા પણ તૈયાર છે એવું સ્પષ્ટ શબ્દોમાં તે પોતાના પિતાને કહી દે છે. આ વાતથી નાયકનું મન થોડું ખિન્ન થાય છે. પણ

આખરે મારીશાની જીદ્દ આગળ તેનું કંઈ ચાલતું નથી જેથી તે લગ્ન માટે મંજૂરી આપી દે છે. નાયકની ઇચ્છા ધામધુમથી દીકરીને પરણાવવાની હતી. તેનાથી વિપરીત જ્યોર્જ અને મારીશા સાદાઈથી કોર્ટ મેરેજ કરવાનો નિર્ણય લે છે. લગ્ન સમયે કોર્ટના દાદરા ચડતા જ પ્રો. શાહની તબિયત બગડે છે, તેને ચક્કર આવવા લાગે છે. પોતાની એકની એક વહાલસોયી દીકરીના લગ્નમાં પ્રો. શાહ હાજર રહી શકતા નથી. મારીશા પોતાનું હનિમુન કેન્સલ કરી પિતાની ચાકરી કરવા રોકાઈ જાય છે.

જ્યોર્જ અને પ્રો. શાહ વચ્ચે રહેલ અંતર આ તણાવભરી સ્થિતિમાં વધતું જાય છે. એવામાં જ્યોર્જ જણાવે છે કે તેને ત્રિવેન્દ્રમની કોલેજમાંથી ઓફર આવી છે. પગાર પણ સારો છે આથી પોતે ત્રિવેન્દ્રમ સ્થાયી થવા માંગે છે. પિતાની નાદુરસ્ત તબિયતને કારણે મારીશા પિતાને એકલા છોડી જવા તૈયાર થતી નથી તેથી જ્યોર્જ અને મારીશા વચ્ચે બોલાચાલી થાય છે અને જ્યોર્જ ત્રિવેન્દ્રમ ચાલ્યો જાય છે. ત્યાંથી તેનો કાગળ આવે છે કે 'પિતાની સેવા કર અહિ આવવાની જરૂર નથી.' જ્યોર્જ ધાર્યા કરતા વધુ બાલીશ નીકળ્યો. પ્રો. શાહ એક પિતા તરીકે પોતાની પુત્રીના લગ્નજીવન વચ્ચે આવી ગયા હોય તેવો અનુભવ કરે છે. પુત્રીને બીજે જ દિવસે ટિકિટ કરાવી સાસરે મોકલે છે. મારીશાના ત્રિવેન્દ્રમ ગયા પછી પિતા પુત્રી વચ્ચે પત્રથી જ વાતચીત થાય છે. મારીશાના પત્રો દ્વારા જ ખબર પડે છે કે જ્યોર્જ જેવો દેખાતો હતો તેનાથી વિપરીત નીકળ્યો. તેને પહેલીથી જ બીજી પત્ની પણ છે. તેની નોકરી વાળી વાત પણ ખોટી હોઇ શકે. આટલી ઉથલપાથલ વચ્ચે મારીશા મા બનવાની છે તેવા સારા સમાચાર આવે છે. આ ખુશીનો પત્ર મારીશાનો છેલ્લો પત્ર બની રહે છે. એક દિવસ ત્રિવેન્દ્રમથી જ્યોર્જનો ટ્રંકકોલ આવે છે કે મારીશાએ આત્મહત્યા કરી લીધી છે. આટલી બધી ઘટનાઓ પહેલેથી જ બની ચુકી છે. નવલકથામાં મારીશા, તેની પત્ની અને જ્યોર્જના માત્ર ઉલ્લેખ આવે છે. આ ત્રણેય પાત્રો સદેહે આ નવલકથામાં ક્યાંય હાજર નથી.

ઓગણપચાસ વર્ષની જિંદગી જીવી ગયા પછી આ કથા વાસ્તવિક રીતે આરંભાય છે. પત્ની મૃત્યુ પામી છે અને વહાલસોયી પુત્રી અને તેનામાં પાંગરી રહેલ ગર્ભની અંતિમક્રિયા પૂર્ણ કર્યાને પણ હજી બે જ મહિના થયા હોય છે ત્યારે તમામ દુઃખોને ભુલાવવા નાયક હિલસ્ટેશન આવ્યો હોય છે. જીવનનું બધું જ ગુમાવી ખોટે ખોટું જીવતા રહેવાના પ્રયત્નો કરે છે. તેમાં એક

દિવસ સવારમાં લટાર મારવા નીકળ્યો હોય છે. આસપાસની ચીજવસ્તુઓ અને પ્રકૃતિને જોતો જોતો નાયક ચાલતો જાય છે. રાત્રે જ આવેલા સ્વપ્નો અને પોતાની ભૂતકાળની દુનિયા કેવી સરસ હતી તેના વિચરોમાં ખોવાયેલા નાયકને ત્યાં જ પેરેલિસિસનો સ્ટ્રોક આવે છે. વહેલી સવારે કપડાં વેચવા નીકળેલા માઝીએ નાયકને સૌ પહેલા જોયો પણ તેણે કોઈ મદદ ન કરી. તેને લાગ્યું કે કોઈકે તેને મારીને અહીં ફેંકી દીધો હશે આથી તેના ચાલ્યા ગયા પછી રાસબરી વેચનારા એક છોકરાએ પોલીસને જાણ કરતા પોલીસ દ્વારા હોસ્પિટલને માહિતી આપવામાં આવે છે. હોસ્પિટલની એમ્બ્યુલસ તેને લઈ આવે છે. હોસ્પિટલ પહોંચ્યા પછી પણ નાયકની કોઈ ઓળખ હોસ્પિટલવાળાઓને મળતી નથી. આથી માનવતા દર્શાવી પ્રથમ 'અન-આઇડેન્ટિફાઈ મેલ' તરીકે હોસ્પિટલમાં તેની નોંધ કરી તેને સારવાર આપવામાં આવે છે. તેને હોંશમાં લાવવાના પ્રયત્નો શરૂ થાય છે. છેક સાંજે નાયકને  હોશ આવતા પ્રો. અરામ શાહ તરીકે તેની ઓળખ હોસ્પિટલમાં છતી થાય છે. નાયક પથારીમાં પડ્યા પડ્યા જમણી તરફ ફરવા પ્રયત્ન કરે છે પણ તે ફરી શકતો નથી. શરૂઆતમાં આનું કારણ તેને સમજાતું નથી પણ ડોકટરની તપાસ પછી પણ તે જમણી બાજુ જોઈ શકતો નથી ત્યારે ડોક્ટરોના કહેવા પહેલા જ પોતે પેરેલિસિસ એવો શબ્દ બોલી ઉઠે છે. ડોક્ટરો પણ નાયકની આ સમજદારી જોઈ ડઘાઈ જાય છે. પહેલા તેને પાંચ બેડના નાના જનરલ વોર્ડમાં દાખલ કરવામાં આવે છે પણ તેને હોશ આવ્યા પછી તેની માંગણીને ધ્યાનમાં લઈ હોસ્પિટલમાં તેને એક અલાયદો રૂમ આપવામાં આવે છે.

હોસ્પિટલમાં પથારીએ પડ્યા પડ્યા તેને જે વિચારો આવે છે એ દર્શાવે છે કે એને જીવન જીવવાની કોઈ ઇચ્છા નથી. તેના વિચારો જોઈએઃ '*બીમાર થવાની, પથારીમાં પટકાવાની આ રીત ઠીક ન હતી. હાર્ટએટેક  આવવો જોઈએ. સેરીબ્રલ હેમરેજ થવું જોઈએ, કોમામાં સૂતાં સૂતાં દમ નીકળી જવો જોઈએ, અથવા કોરોનરી થ્રોમ્બોસીસ. રગોમાં લોહી અટકી જવું જોઈએ, હ્રદય લોહી પમ્પ ન કરી શકે, બંધ થઈ જાય અથવા દબાણથી ફાટી જાય. અંતિમ ઘડી સુધી જીવવું સાર્થક ગણાય. આ તરીકો અપંગની જેમ, અડધું હસતાં હસતાં, અડધું રડતાં રડતાં,એક અદધી જિંદગી જીવતાં જીવતાં કે મરતાં મરતાં, અટક્યા કરવાનો, ખોટો હતો.*'(પાના નં. ૧૦)

જે હોસ્પિટલમાં નાયકને દાખલ કરવામાં આવેલ એ હોસ્પિટલ નાની હતી. સ્ટાફ પણ ઓછો હતો. એક ડોક્ટર -ડો. ઈશાન દેસાઈ, એક મેટ્રન -આશીકા દીપ, ત્રણ નર્સો અને બીજા ચાર

પાંચ માણસો જ હતાબ. નાયક અરામ શાહની દેખરેખ મોટાભાગે મેટ્રન જ કરતી હતી. હોસ્પિટલ નાની હતી આથી અહીં દર્દીઓ પણ બહુ ઓછા આવતા અને જે કોઈ આવતા એ પણ બહુ ઓછાબોલા હોતા. જ્યારે પ્રો. અરામ શાહને દરેક નાની નાની વાતમાં બોલવું ગમે છે. હોસ્પિટલમાં પથારીવશ પડેલા પ્રોફેસર શાહને એકલતા ખૂંચવા લાગે છે. તેને ક્કોઈ સાથીદારની જરૂરિયાત ઊભી થાય છે. જેની સાથે હસી શકાય, ગંભીર થઈ શકાય. પણ, અફસોસ આ હોસ્પિટલમાં એવું બીજી કોઈ નવરાશવાળી વ્યક્તિ અરામ શાહને મળતી નથી. રહી રહીને એકમાત્ર મેટ્રન જ મળે છે આથી તેની સાથે વાતચીતનો દોર શરૂ થાય છે. એટલે મેટ્રન આશીકા દીપ સાથે તેની વારંવાર વાતચીત થતી રહે છે. મેટ્રન આશીકા દીપને પણ પોતાનો એક ભૂતકાળ છે. આશિકા ઓગણચાલીસ વર્ષની વિધવા અને નિસંતાન સ્ત્રી છે. અગિયાર વર્ષ પહેલા તેનો પતિ મૃત્યુ પામ્યો છે. તેનો પતિ એક ફેક્ટરીમાં મશીનીસ્ટ હતો. તેના પતિના મૃત્યુબાદ સાસરીયાઓના આશરે રહેવા કરતા તે એકલા રહેવાનું પસંદ કરે છે. આ રીતે આશીકા અને નાયક બન્નેના જીવનમાં અત્યારે એકલવાયાપણું છે. આ બન્ને પોતાની એકલતાને દૂર કરવા મથે છે. નવલકથામાં આવતા નાયકના એક વિધાનને અહીં ટાંકવું જોઈએ કે, *‘હું કંઈક એવું માનતો થઈ ગયો છું કે આ દુનિયામાં એક દુઃખી માણસ જેટલું કોઈ દુઃખી નથી, અને બે દુઃખી માણસો જેટલાં સુખી કોઈ નથી. આપણે બે દુઃખી છીએ એટલે આપણાથી વધુ સુખી કોઈ ન હોઈ શકે.’* (પાના નં. ૧૧૫) આથી જીવનના એક પડાવ પર આ બંને પાત્રો એકબીજામાં જીવવાનો આધાર શોધે છે. એવામાં ડૉ. ઈશાન દેસાઈ હોસ્પિટલમાંથી સ્વૈચ્છિક બદલી લઈ બીજી જગ્યાએ જતા રહે છે. નવા ડોક્ટર ન આવે ત્યાં સુધી મેટ્રન આશીકા દીપ પર જ આ દવાખાનાના દર્દીઓની જવાબદારી આવી જાય છે. આ જ ઘટનાએ બીજા દૃષ્ટિકોથી જોઈએ તો ડો. ઈશાન દેસાઈ હતા ત્યાં સુધી આશીકાએ ડોક્ટર સાથે રહેવું પડતું. તેથી પોતે ઇચ્છતી ત્યારે નાયકને મળી શકતી નહોતી. પરંતુ ડો. ઈશાન દેસાઈએ બદલી લઈ લેતા હવે આશીકા ઇચ્છે ત્યારે અને ઇચ્છે તેટલો સમય નાયક સાથે છૂટથી વાતચીત કરવાનો મોકો મળી જાય છે. આશીકા અને નાયક આ તકનો ભરપૂર લાભ પણ લે છે. તેના થોડાંક ઉદાહરણો જોઈએઃ

આશીકા દીપઃ *‘આ જંગલમાં તમારા જેવા મજાના દર્દીઓ આવે પણ ઓછા ને?’* (પાના નં. ૧૬)

અરામ શાહઃ *'યુ આર ટોર્ચરિંગ મી. ધિસ ઇઝ મેન્ટલ ક્રુઅલ્ટી ? મેં લગ્ન કર્યાં હોત તો આ મુદ્દા પર ડીવોર્સ મળે-'* (પાના નં. ૧૬)

આશીકા દીપઃ *'તમારે મા-બાપ નથી, પત્ની નથી, છોકરો નથી. તો પછી કોને માટે ? એના કરતાં મારે માટે અહીં બીમાર જ રહો ને !'* (પાના નં. ૬૮)

અરામ શાહઃ *'મારી પાઇપ તમે દર વખતે ભરી આપશો તો મને ખોટી આદત પડી જશે. પરણી નાખવાનું મન થઈ જશે.'* (પાના નં. ૯૫)

આશીકા દીપઃ *'આપણી ઉમ્મરે આપણે થોડું થોડું પરણીજ નાખીએ છીએ. પૂરા પરણવાની જરૂર નથી રહેતી.'* (પાના નં. ૯૫)

તે વાતચીત તેને વારંવાર ભૂતકાળમાં  ખેંચી હાય છે. એક દીર્ઘ ફીલ્મની પટ્ટીમાં બાયોફોકલ (ચશ્મા) સ્વરૂપે થોડીવાર ભુતકાળ તો થોડીવાર વર્તમાનમાં પ્રો. શાહની સાથે વાચક જગત પણ ડોકીયું કરી લે છે. નાયક ઘણી વખત પોતાના નિશ્ચેતન થઈ ચુકેલા અંગોમાં હાથ લાગે તે વસ્તુઓ ભોંકાવીએ જોતો. તેને કોઈ અનુભવ ન થતો. કોઈ દર્દ ન થતુ. પણ એક દિવસ અચાનક તેને દર્દ થયું. એ દર્દનો નાયકને આનંદ થયો. આશીકા દીપનો સાથ અને દવાખાનાની દવાઓ અસર કરવા લાગી હતી. ધીમે ધીમે નાયક ઉભો થવા લાગ્યો.લાકડીના અને પલંગના ટેકે બારી સુધી જવા લાગ્યો. નીચે ઉતરી ઠોડો ટહેલવા પણ લાગ્યો હતો. પરંતુ નાયક પોતાની આસપાસ રહેતા તમામ લોકોથી પોતાનો ભૂતકાળ છુપાવી દંભી બનીને લોકો સામે પ્રગટ થાય છે. મેટ્રન આશિકા દીપને પણ પોતે પરિણિત અને એક પુત્રીનો પિતા હતો તે વાત છુપાવે છે. ત્યાં સહજ પણે પ્રથમ દષ્ટીએ એમ જ લાગે કે નાયક ખોટું બોલી આશીકા દીપનો સહવાશ મેળવવાની જ તેની ઝંખના હશે. પરંતુ, અંતે જયારે તે આ ઢોંગથી કંટાળી જાય છે ત્યારે પોતાનું તમામ દુઃખ ઠાલવતા કહે છે કે, *'મને ખબર નથી મને અડધો મારી નાખીને પ્રભુએ શા માટે જીવતો કર્યો છે. પણ મારી પેરેલાઇઝ થયેલી જિંદગીને કોઈ જીવતી નહીં કરી શકે.'* (પાના નં.- ૧૨૩) ખરેખર તો અરામ શાહ પોતાના ઘાવને પ્રગટ કરવા માગતો ન હતો અને અંદરને અંદર તેના ઘાવ નાસુર બનતા જતા હતા. મેટ્રન આશિકા દીપને પણ તેની કથા સાંભળી વિચાર આવે છે કે *'એની પત્ની મરી ગઈ હતી, પુત્રી મરી ગઈ હતી, અડધો મરી જવાની સીમા સુધી આવી ગયો હતો અને જીવતા રહેવા માટે નોર્મલ થઈ જવાનો એણે એક મરણિયો પ્રયત્ન કર્યો હતો. ભૂતકાળનું આટલું*

*બધું વજન લઈને માણસ કેમ જીવી શકે?'* (પાના નં. ૧૨૪) છતાં પ્રો. અરામ શાહને જીવવાનું હતું. તેવામાં હોસ્પિટલમાં નવા ડોક્ટરની નિમણૂંક થાય છે. આશીકા નવા આવનારડો. નાથને અરામ શાહની ફાઇલ બતાવી આવે છે. પેશન્ટની રિકવરી સારી છે એવું કહી ડો. નાથ અરામા શાહને થોડા દિવસોમાં ડિસ્ચાર્જ કરી દે છે. પોતાની વહાલસોયી પુત્રીના અંતિમ સંસ્કાર કરી જીવવું જ પડશે તેવા નિશ્ચય સાથે હિલસ્ટેશન પર આવે છે. અને સ્વપ્નથી શરૂ થતી નવલકથા નિઃસ્વપ્ન ઉંઘથી પૂર્ણતા તરફ ગતિ કરે છે. જ્યાં તેને પેરેલિસિસનો અટેક આવ્યો હતો તેજ વળાંક પર એક જૂના થડમાંથી ફાટેલી મખમલની લાલ કૂંપળ જોઈ રહેલા અરામ શાહ જીવનનું કોઈ જ છેડા વિનાનું વર્તુળ પુરું કરે છે. અને અનંતકાલીન જીવનચક્રના નિર્દેશ સાથે કથા પૂર્ણ થાય છે.

ડૉ. નાથ નાયકની ફાઇલ જોઈ નાયકના જીવન વિશે મેટ્રન આશીકા દીપ પાસેથી જાણી લીધા પછી એવું કહે છે કે, *'મારું માનવું છે કે સ્ટ્રોકએ માનસિક વસ્તુ છે.'* (પાના નં.૧૩૨) નાયક સંદર્ભે આ વાત સંપૂર્ણ સત્ય પણ લાગે છે. કારણ કે નાયકે પત્ની અને પુત્રી બન્ને ગુમાવ્યા છે. આ બન્નેના અવસાન વચ્ચે ઘણો બધો સમય પણ છે. સૌથી પહેલા તેની પત્નીનું મૃત્યુ થયું હતું. પત્ની મરી એ વાતનું નાયકને વધારે અફસોસ હોય એવું નાયકના પાત્ર પરથી લાગતું નથી. પત્નીની બીમારી અને દવાઓ માટેના દવાખાનાના ધક્કાઓ વખતે નાયક અને તેની પત્નીને પણ એ વાતનો અંદાજ આવી ગયો હતો કે તે પોતે હવે વધુ સમય જીવશે નહીં. આથી જ બન્ને વચ્ચે નાયકના બીજી વખતના લગ્ન બાબતે ચર્ચાઓ થાય છે. પરંતુ નાયકને માનસિક આઘાત પોતાની દીકરી મારીશાના અવસાનનું લાગ્યું છે એવું પણ કહી શકાય. મારીશાની માતાનું અવસાન થયું એ વખતે તેની ઉંમર લગભગ દસ વર્ષની આસપાસ હતી. આટલી નાની ઉંમરમાં જ મારીશાએ સ્વસ્થતાથી પોતાને અને પોતાના પિતાને સાચવ્યા છે. હા-નાયકે મારીશાને સાચવી છે એવું કહેવા કરતાં મારીશાએ નાયકને સાચવ્યા છે એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ પણ નથી. એટલે નાની ઉંમરે વધારે સમજણના લીધે જ મારીશા અઢાર વર્ષની ઉંમરે ઓગણચાલીસ વર્ષના વ્યક્તિ સાથે લગ્ન કરવા પોતાની મરજીથી તૈયાર થઈ જાય છે. નાની મોટી તકલીફો મારીશાના જીવનમાં હતી અને એનો અંદાજ પણ નાયકને હતો. પણ અચાનક જ્યોર્જના આવેલા ટ્રંકકોલે નાયકને જાણે હચમચાવી દીધો. મારીશાની આત્મહત્યા. કથામાં આ બાબતે કોઈ સ્પષ્ટતા નથી થઈ કે મારીશએ શા કારણે આત્મહત્યા કરી. આથી આ વાત વિચારવા મજબૂર કરે કે ખરેખર મારીશાએ આત્મહત્યા કરી હશે? કેમ કે જે મારીશા નાની ઉંમરે માતા ગુમાવ્યા છતાં સ્વસ્થતાથી પોતાના

પિતાને સંભાળી શકે, પિતાને બીજા લગ્ન કરવાની સલાહ આપી શકે એ મારીશા અચાનક કોઈને કહ્યા વગર આત્મહત્યા શા માટે કરે! મારીશાનું પાત્ર વાંચીને કોઈ પણ ભાવકને આ પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. પરંતુ જે થઈ ગયું એ સ્વીકારી લેવા સિવાય નાયક અરામ શાહ પાસે બીજો કોઈ વિકલ્પ પણ નહોતો. આથી બધું જ પતાવી હિલસ્ટેશને આવ્યા પછી પણ અરામ શાહના મનમાં તેની દીકરીના વિચારો આવતા હશે. જીવનમાં બની ગયેલી અનિચ્છનીય ઘટનાનું અરામ શાહે એટલી બધી વખત એનાલિસિસ કર્યું હશે કે એ જ બાબત તેને પેરાલિસિસના સ્ટ્રોક સુધી લઈ જાય છે. અને આ રીતે ડો. નાથના શબ્દો સાચા ઠરે છે.

આ નવલકથાનું મુખ્ય પાત્ર છે પ્રોફેસર અરામ શાહ. જીવીત નથી તેવા બે અન્ય પાત્ર અરામ શાહની પત્ની અને તેની પુત્રી મારીશા. અરામ શાહને આઘાતના સમયમાં ફરી એક સ્ત્રી પાત્ર સહાય રૂપ બને છે હોસ્પિટલની મેટ્રન આશીકા દીપ. આ સીવાય ડોકટર, કંપાઉન્ડર છોકરો, આશિકાની બહેનનો દીકરો નવલકથાના અતિ ગૌણ પાત્રો છે. 'પેરેલિસિસની' કથા મુખ્ય પાત્ર અરામ શાહની આસપાસ ગૂંથાય છે અને કથામાં આવતા સ્વપ્નો પણ અરામ શાહના પાત્રના ચિત્તમાં પ્રગટે છે. જેથી પ્રથમ અરામ શાહના પાત્રની મનોચૈતસિક અવસ્થા વિશે વાત કરવી આવશ્યક બને છે. અરામ શાહ વ્યવસાયે પ્રોફેસર છે. તેમના વિચારો થોડા ખુલ્લા મનના છે અને વૈવિધ્ય સભર છે. પોતે પ્રેમાળ પતિ અને જવાબદાર પિતા રહી ચુક્યો છે. પોતાની પત્નીનું નાની ઉંમરે અવસાન થવા છતા બીજા લગ્ન નથી કરતા અને એકલા હાથે જ પોતાની પુત્રીને ઉછેરે છે. તેની પુત્રી મારીશા માટે તેના પિતા મટી મિત્ર બને છે. વળી આ અરામ શાહ થોડા રૂજુ હૃદયના છે. પોતાની પત્નીની બીમારી માટે પણ પોતાની બીજા બાળક માટેની ઇચ્છાને જ જવાબદાર માની અંદરથી પીડાય છે. પોતાની એકની એક જીવન આશા સમી પુત્રીને કજોડા લગ્ન કરતા રોકી શકતા નથી અને અનિચ્છાએ દીકરીને પોતાનાથી દૂર કરે છે. તેમના મનમાં પહેલેથી જ આવી અનેક ગડમથલો ચાલ્યા જ કરે છે. કયારેક એકલા એકલા પોતાની જાત સાથે જ વાતો કરે છે. ખુલીને પોતાનું દુઃખ કોઈને કહી નથી શકતા અને મનને દુઃખી કરનારી વાતો મનમાં જ સંગ્રહી રાખે છે. આ જ કારણથી મનમાં ઉઠતા વિચાર-વંટોળો પ્રથમ સ્વપ્ન રૂપે પ્રગટ થાય છે. જે પેરેલિસિસના સ્ટ્રોકને આમંત્રણ આપે છે. આમ, આ પાત્ર કૌટુંબિક સંઘર્ષમાં ઉતરીને એક્લું, અટુલું, થાકેલ, હતાશ, નિરાશ, વિચ્છિન્ન અને કરુણતાની ગર્તામાં ફસાયેલું છે. તેના મનની ભાવ સ્થિતી

ક્યારેક તેના તો કયારેક કોઈ અન્યના મુખે સંવાદો દ્વારા તો કયારેક સર્વજ્ઞ કથકના માધ્યમથી વર્ણનો દ્વારા પ્રગટ થાય છે. કથામાંના જ થોડા ખંડો જોઈએ...

*'માણસે સંજોગોની અણીદાર ધારોને સુંવાળી બનાવીને ચલાવી લેતાં શીખવું જોઈએ, જ્યારે શરીર અપંગ બની ગયું હોય ત્યારે અને દિમાગ અપંગબની ગયું હોય ત્યારે. અથવા ભવિષ્યકાળ પણ અપંગ બની ગયો હોય ત્યારે'.* (પાના નં. ૩૮)

*'ઊંઘનું સુખ છે મને. એ દિવસોમાં પણ એ કહેતો.... અને પશ્ચાત-વિચાર તરીકે વિચારતો, ઊંઘનું સુખ તો એક પ્રકારનો શાપ ગણી શકાય. રાત પડે અને માણસે ઊંઘી જવુ પડે.'* (પાના નં. ૫૫)

મારીશા સાથેના સંવાદઃ *'તું કાચબાની અને રેસના ઘોડાની તુલના કરે છે. પણ એ બંનેમાંથી એકની જેમ પણ જીવી શકાતું નથી આપણે ઇયળની જેમ જીવવું પડે છે. શરીરમાં રસ ઝરતો હોય છે. ગોળ ગૂંચળું વળીને પડ્યા રહેવું પડે છે. તડકામાં તરફડવું પડે છે, પછી અકાળે આવેલા મૌતની જેમ કોઈના પગની નીચે ચિપાઈને જમીન સાથે ચોંટી જવાનું હોય છે. રેસના ઘોડાની જેમ દોડવાનું આપણી તકદીરમાં ક્યાંથી ?.... અથવા માળામાં માની રાહ જોતા, કોઈ ઊડી ન શકતા પક્ષીના બચ્ચાની ફાટેલી ચાંચમાં ઓગળી જવું પડે છે !'* (પાના નં. ૮૫)

*'જો મારા હાથમાં રેખાઓ બતાવે છે કે બે સ્ત્રીઓ છે બે જ એક તારી મમ્મી અને એક તું'* (પાના નં. ૮૮)

આશીકા દીપ સાથેના સંવાદ

*'ખૂબસૂરત તો માણસ સ્વભાવથી હોય છે, ચહેરાથી નહીં. ખૂબસૂરતી શારીરિક કરતા માનસિક વધારે હોય છે.'* (પાના નં. ૧૬)

*'મને ખબર નથી મને અડધો મારી નાખીને પ્રભુએ શા માટે ફરીથી જીવતો કર્યો છે. પણ મારી પેરેલાઈઝડ થયેલી જિંદગીને કોઈ જીવતી નહીં કરી શકે.'* (પાના નં. ૧૨૩)

આશીકા દીપના મુખે :

*'આ માણસની પરણેલી છોકરીએ આપઘાત કર્યો હતો. એ ક્રિશ્ચિયન છોકરાને પરણી હતી અને પ્રેગ્નેન્ટ હતી. એની પત્ની મરી ગઈ હતી, પુત્રી મરી ગઈ હતી, અડધો મરી જવાની સીમા*

*સુધી આવી ગયો હતો અને જીવતા રહેવા માટે નોર્મલ થઈ જવાનો એણે એક મરણિયો પ્રયત્ન કર્યો હતો. ભુતકાળનું આટલું બધું વજન લઈને માણસ કેમ જીવી શકે?'* (પાના નં.૧૨૪)

આ તમામ સંવાદો અરામ શાહના મનોવલણો તેની માનસિક સ્થિતિ તથા ચૈત્તસિક અવસ્થાને પ્રગટ કરે છે. થોડાક સર્વજ્ઞ કથક મારફતે રજૂ થતા વર્ણનો પણ અરામ શાહના માનસને સમજવા સહાયક બને છે. કેમકે એ વર્ણનોથી જ અરામ શાહના મનોવ્યાપારો તથા સ્પંદનો પ્રગટ થાય છે. આપણે તે વર્ણનો જોઈએ...

*'ઓગણપચાસમે વર્ષે અડધું જીવતું શરીર લઈને એ અહીં કેબીનમાં પડયો હતો.'* (પાના નં. ૧૮)

'ભૂતકાળના ટૂકડાંઓ યાદ આવતા ગયા દસે દિશાઓ બિડાઈ ગઈ હતી. હવે બે જ રહી હતી એક પાછળ અને એક આગળ, વર્તમાન થીજી ગયો હતો આશિકા હલાવી ગઈ હતી હવે એ ઓગળવો શરૂ થયો હતો. મોસમ પણ વસંતની શરૂ થઈ ગઈ હતી. કરોળીયાના જ જાળામાં એક મેઘધનુષ ફસાઈ ગયુ હતું.' (પાના નં.)

મારીશાના મૃત્યુ સમયે.....

*'એક વિશ્વયુદ્ધ પણ એને આનાથી વધુ તબાહ ન કરી શકત.'* (પાના નં. ૧૨૮)

*'જીવવું પડશે, જીવવું પડશે, જીવ નાખવું પડશે. માણસ ન જીવવાનો પ્રયોગ કરી શકતો નથી. આસ્તે આસ્તે ઓગળતી જિંદગી ભૂતકાળને દબાવતી જાય છે, દુ:ખને ઠારતી જાય છે. માણસની સામે નવી ચેલેન્જો ઉભી કરતી જાય છે. પેટ ભરીને રડી લીધા પછી, ભૂલવા માટે, નવી જૂઠી જિંદગી શરૂ કરવા, એ હિલસ્ટેશન પર આવી ગયો..... રડવું નથી, એણે નિશ્ચય કર્યો. ખોટું, જૂઠું.... પણ હસવું છે, જીવવું છે. ઓગણપચાસમે વર્ષે નવું જીવતા શીખવું છે.'* (પાના નં.૧૨૮)

*'થોડું જીવવું બાકી હતુ માટે એ જૂઠું હસીને બાકીના જીવનને લાયક બનાવવાની કોશિશ કરતો હતો, વાતો કરતો હતો, હારેલા શરીર પર કબજો જમાવવા માગતો હતો.'* (પાના નં. ૧૨૯),

આ વર્ણનો અને સંવાદો પાત્રને ચરિત્રની કોટીમાં લઈ જાય છે. આ નેચરલ, રિયલ અને ઊંડી છાપ પાડતા સંવાદો અને વર્ણનો અરામ શાહના પાત્રના મનોચૈત્તસિક વાસ્તવને અને તેના વ્યક્તિત્વની છબીના માધ્યમને સ્વપ્ન સુધી પહોંચાડતી સીડી બને છે.

'પેરેલિસિસ' નવલકથામાં ઐચ્છિક વાતાવરણ ઊભું કરવા માટે મુખ્ય પ્રયુક્તિ તો છે - બાયોફોકલ. જેમાં સહાયક પ્રયુક્તિ તરીકે મદદરૂપ બને છે ફલેશબેક અને સાદશ્યતા. તેની સાથો

સાથ સ્વપ્ન પ્રયુક્તિનો પણ સર્જકે વિનિયોગ કર્યો છે. જે વાત સીધી સરળ રીતે જાગૃત મન પ્રગટ કરી શકે તે તમામ બાબત ફ્લેશબેકમાં સાદશ્યતાના માધ્યમે પ્રગટ થાય છે. પરંતુ અમુક જટીલ સંવેદનાઓ હૃદયજ્વર, મુંઝવણો મનની અતલ ગર્તામાં રહેલ લાગણીઓ સ્વપ્ન સ્વરૂપે અંચળો ઓઢીને પ્રગટ થાય છે. નવલકથાની શરૂઆતમાં જ ત્રણ સ્વપ્ન અને કથા વચ્ચે નાયકને પોતાના ભૂતકાળમાં આવેલા એક એમ કુલ ચાર સ્વપ્ન અહીં રજૂ થયા છે. ક્યારેક અરામ શાહના ઊંઘવાના તો કયારેક જાગવાના નિર્દેશો કથામાં જોવા મળે છે. પરંતુ આ ઊંઘની વચ્ચેના દશ્યો ભૂતકાળને રજૂ કરતા ફ્લેશબેકથી આગળ વધી શકતા નથી. આમ, આ કથામાં કુલ ચાર સ્વપ્નો રજૂ થયા છે.

કથાની ત્રીજી લીટીમાં જ સ્વપ્નનો નિર્દેશ કરતાં વર્ણવાયું છે કે, 'નવા સ્વપ્ન માટે એણે આંખો બંધ કરી', 'આખી રાતમાં એને ત્રણ સ્વપ્નો આવ્યાં હતાં' અહીં કથક સ્વપ્ન વિશે પ્રથમ જ સ્પષ્ટતા પણ કરે છે કે, 'આ સ્વપ્નો વિચિત્ર હતાં અને ખૌફનાક હતાં.'

સ્વપ્ન એકઃ 'પહેલા સ્વપ્નમાં સિંહો દોડતા હતા, નાના-નાના, પાતળા, કૃશ, હાડપિંજર જેવા, કોઈ કોઈ ઊતરી ગયેલી ચામડીવાળા, માંસ ઉપર સુકાઈ ગયેલા લોહીના, પૉટેશિયમ પરમૅંગેનેટ રંગના ધબ્બા ચોંટી ગયેલા, એક–બે ઊધઈ લાગી ગયેલા. ડર લાગતો ન હતો. સિંહોની દયા આવી રહી હતી. એ સિંહો બોલી શકતા ન હતા, કોઈ જૂનાં ઝાડોની નીચે બગાસાં ખાઈ રહયા હતા. આંખોમાંથી અટકેલા રેલા સુકાઈને ચોંટી ગયા હતા, એમની કેશવાળીઓ ઝડી ગઈ હતી, કોઈ કોઈ બળેલા, વળેલા લોખંડના કાટમાળની સાથે શરીર ઘસતા હતા. એને થયું, એકાદ સિંહ એને ખાવા દોડશે, ત્રાડ પાડશે, ગર્જશે. પણ એવું કઈ થયું નહી. એ પ્રોફેસર હતો એટલે પ્રોફેસરના અંદાજથી સ્વપ્નમાં વિચારી શકતો. બધા જ સિંહો ભૂખ્યા હતા, સખ્ત દુકાળમાં ઓગળી ગયેલ ગાત્રોવાળા, કદાચ સૂકું ઘાસ નાખ્યું હોત તો પણ વાગોળવા બેસી જાત. આશ્ચર્ય થયું થોડું અને આંખો ખુલી ગઈ' (પાના નં. ૧-૨)

ભારતીય પરંપરા મુજબ સિંહ એ શૌર્યતા અને ખુમારીનું પ્રતીક માનવામાં આવે છે. જયારે પાશ્ચાત્ય મનોવિજ્ઞાનમાં મનની દૈહિક લાલશાનું પ્રતીક માનવામાં આવે છે. અહીં પ્રગટ થતા સિંહ અરામ શાહનું જ પ્રતિનિધિત્વ કરે છે. અરામ શાહની જિંદગી પણ કૃષકાય, નિરાશ અને હતાશામાં ગરકાવ થયેલ છે. જેને જોઈને દયા ઉપજે. સર્જકે આરામ શહનો ભુતકાળ અને વર્તમાન સ્થિતિ આ સ્વપ્ન દ્વારા પ્રગટ કરી છે. હાલ નાયક પણ પેરેલિસિસના અટેકને કારણે કૃષકાય થઈ

ગયો હોય છે. બિપિન આશર પણ આ સંદર્ભે આવું જ કઈક કહે છે. કે સર્જકે નાયકના ''જીવનની લાચારી શરીરની નબળાઈ, માનસિક નિષ્ક્રિયતા, મનો રુગ્ણતા પ્રતીકાત્મક રીતે ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે.' (આશર બીપીન, ચંદ્રકાંત બક્ષીનું નવલકથા વિશ્વ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૮, નવભારત સાહિત્યમંદિર, પાના ન.૪૯) અરામ શાહ અને તેની પુત્રીના સંબંધ મિત્રની કોટીએ પહોંચેલ હતા. છતાં પિતા અને પુત્રી એક બીજાની સામે જ કપડા બદલે છે. આ સિવાય મારીશાને જોઈને તેની અંગભંગિનીનું આરામ શાહના મનમાં ઉપસતું ચિત્ર અરામ શાહની શુષુપ્ત કામ ભાવનાને દર્શાવે છે. કથા નાયકની પત્ની નાની ઉંમરે મૃત્યુ પામી છે વળી તેની અસાધ્ય બીમારીને કારણે તેની સાથે અંતિમ સમયમાં મનમેળ પણ ઘટયો હતો. પોતાની પુત્રીના માનસિક વર્ણનોમાં પણ તેના મનની છુપી પ્રકૃતિ છલકાય છે. પોતાની નાની ઉંમરે પત્નીનું અવસાન થતા અને બીજું લગ્ન ન કરતા તેની અભિપ્સાઓને પરાણે દબાવી હોવાથી એ ભૂખ્યો અરામ શાહ કૃશ સિંહ સ્વરૂપે પ્રગટ થાય. તેના ઢીલા ગાત્રો તેની શારીરિક અવસ્થાને ઉજાગર કરે છે. ઓગણપચાસમે વરસે તેના શરીર અને મનના તંતુઓ ક્ષીણ થઈ ચૂક્યા હતા. 'સૂકું ઘાસ પણ વાગોળવા બેસી જાત' એ વાક્ય પણ માર્મિક રીતે આશીકા દીપ તરફ આંગળી ચીંધે છે. હોસ્પિટલમાં આશીકા દીપ રૂપી તણખલાને આધારે તરીને જ નાયક સાજો થાય છે.

સ્વપ્ન બેઃ ''બીજા સ્વપ્નમાં એક મોટો મહેલ હતો. મહેલમાં મોટા મોટા ખંડો હતા, ખંડોમાં ઓફીસો હતી, અને ટેલિફોનનાં વાયરો દેખાતા હતાં. બધી જ કેબીનો ખાલી હતી, આરસના મેઝેઈકની ફર્શ હતી, સીલિંગ પર પ્લાસ્ટર ઑફ પેરિસની ડિઝાઈનો કરેલી હતી, ગોળ ફરતી સીડીઓનું લાકડું ચમકતું હતું. દરેક વસ્તુમાં નિયમિત રીતે વપરાવાની વાસ હતી. ટેલિફોનનાં વાયરો હતાં. ટેલિફોન ન હતા, કાંસાની સ્વિચો ઝગમગતી હતી અને બત્તીઓ દેખાતી ન હતી. બધું ભયંકર રીતે સ્વચ્છ હતું અને ડીસ–ઇન્ફેક્ટન્ટની તીવ્ર, સરસ ખુશ્બૂ આવી રહી હતી અને કોઈ ન હતું, એ હતો, અવાજ ન હતો, પણ નિઃસ્તબ્ધતા લાગતી ન હતી. અહીં જરૂર પ્રવૃત્તિઓ અને અવાજો અને જીવતા માણસોની જુદી જુદી ગંધો જીવતી હશે પણ અત્યારે બધું થીજી ગયું હતું. લગભગ મોર્ગની સફેદી અને પારદર્શકતામાં દરેક દરવાજો અંદરની તરફ ખુલતો હતો. એક નાના પાટીયા પર એણે વાચ્યુંઃ 'અહીં ચીસ પાડશો નહીં, કારણ કે પડઘા પડતા નથી.' એ જરા જરા ગભરાવા લાગ્યો. એને લાગ્યું એનું કંઈક ખોવાઈ–ચોરાઈ રહ્યું હતું અને તરત સમજાયું, એ ખોવાયેલી વસ્તુ એનો પડછાયો હતો. અહીં ઘડીયાળો પણ ન હતી. કેલેન્ડરોનો ધીમો ફફડાટ પણ

નહિ. વિચિત્ર જગ્યા લાગી રહી હતી, જરા ભયાવહ, પણ ખરેખર ખુશ્બૂદાર અને સ્વચ્છ અને વ્યવસ્થિત અને... એક આરસની તખતી પર કોઈએ સખાવત કરી હોય એમ લખેલું હતું– 'લ ઇન્ફર્નો'. જવાનીના દિવસોમાં કૉલેજમાં એ મહાકવિ દાન્તેનું 'લા કોમેડીઆ' ભણાવતો હતો અને એમાં ઇન્ફર્નોના નરકની વાત આવતી હતી. એની આંખ ખૂલી ગઈ.'' (પાના નં. ૨)

આ મહેલ અને તેના ખંડોનું અર્થઘટન પાશ્ચાત્ય મનોવિજ્ઞાનની દૃષ્ટીએ કરીએ તો ફ્રોઈડના મત મુજબ ખાલી ખંડો એ સ્ત્રીના પ્રજનન અંગોનું પ્રતીક બનીને સ્વપ્નમાં આવે છે. અહીં જો ભારતીય પરંપરા મૂજબ જોઈએ તો આ મહેલો, તેના ખાલી ઓરડાઓ ઓફિસો વગેરે નાયકના એકલતામય જીવનને પ્રદર્શીત કરે છે, તેવુ તથ્ય આવે. સીલિંગ પરની સફેદ પ્લાસ્ટર ઓફ પેરીસની ડીઝાઇનો, તેની વૃદ્ધા વસ્થાની સફેદી અને અરામ શાહના રંગ વિહિન, ઉત્સાહ વિહિન જીવન હોઈ શકે. જીવતા માણસોની જૂદી જૂદી ગંધ મનમાં જીવતા તેના પત્નિી અને પુત્રીની ગંધ છે. માણસ ચાલ્યું જાય છે. પણ તેની યાદો હંમેશા રહી જતી હોય છે. આ ગંધ રૂપી યાદોને કારણે જ અરામ શાહનો વાસ્તવ ભૂતકાળ સાથે જોડાતો રહે છે. ચામાં ખાંડ નાખવાનો પ્રસંગ, હેર પીન, મારીશા અને આશીકાના નામનો અર્થ વગેરે પ્રસંગો આ જૂદી જૂદી ગંધના પ્રમાણો છે અને એટલે જ અવાજ વિનાના ખંડોમાં નિઃસ્તબ્ધતા લાગતી નથી. હજૂ મારીશા અરામ શાહમાં સ્પન્દનમાં ધબકે છે. પણ તે ધબકારનો સંપર્ક તૂટી ગયો છે. આ સંપર્ક વિહોણો અરામ શાહ એટલે ટેલીફોન વિનાના વાયર અને બત્તી વિનાની જગમગાટ સ્વીચો. બીજી રીતે કહીએ તો અડધા અડધીયા વિનાના અર્ધાંગિનીને ગુમાવી ચુકેલા અને ટૂંક સમયમાં શરીરનું અડધું અંગ ગુમાવવાના છે. ચારેકોરની નીરવ શાંતી ચોખ્ખાઈ નિસ્તબ્ધતા બિહામણી છે. આ થીજી ગયેલ શાંત સમય અરામ શાહનું થીજી ગયેલ એકલવાયું જીવન ગણાવી શકાય. 'અહીં ચીસ પાડશો નહીં, કારણ કે પડઘા પડતા નથી'. આ પાટીયું અરામ શાહની નિરાશામય જિંદગીને ઘોષીત કરે છે. પત્ની અને પુત્રીને અકાળે ગુમાવી ચુકેલ અરામ શાહ સાદ પાડે તો પણ કોને ? કોઈ હવે જીવનને ફરી ધબકતું કરવા આવશે નહીં એટલે સાદ પાડી વ્યર્થ પ્રયત્ન ન કરવા. જીવનનું અસ્તિત્વ જ જોખમરૂપ હોય એવી સ્થિતિ નિર્માણ પામી છે. અરામ શાહના પડછાયા રૂપી તેમનું અસ્તિત્વ ખોવાઈ ગયું હતું. પત્નિના મરણ બાદ પુત્રીમાં જ જીવન ઓગાળી દેનાર વ્યક્તિની એ વહાલસોયી પુત્રી રૂપી પડછાયો પણ સાથે નથી. પડછાયો પણ સાથ ન આપે એવી 'લ ઈન્ફર્નો'ની નરક જેવી સ્થિતિમાં નાયક પહોંચી ગયો છે તેવું કંઈક આ સ્વપ્નમાં વ્યંજિત થાય છે. જે આગળ જતા હોસ્પિલની સ્વચ્છતામાં સાંપડ્યુ

છે. ત્યાં કયાંય 'લ ઈન્ફર્નો' લખ્યું ન હતું. બિપિન આશર પણ આ સ્વપ્નમાં માનવ જીવનની એકલતા, ખાલીપો અને છિન્નભિન્નતા દેખાય છે. (આશર બીપીન, ચંદ્રકાંત બક્ષીનું નવલકથા વિશ્વ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૮, નવભારત સાહિત્યમંદિર, પાના ન.૪૯) આમ જોઈએ તો તેમનું નિરીક્ષણ સાચું પણ છે. નાયક એકલતા અને સબંધવિહીન સ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે. સ્વપ્ના ત્રણઃ 'ત્રીજા સ્વપ્નમાં એ એક મ્યુઝિયમમાં કાચના જારમાં પુરાયેલો પડયો હતો એનું કૃશ, સંકોચાયેલું શરીર હજારો વર્ષ જૂનું થઈ ગયું હતું. અમરત્વનો આશીર્વાદ એ ભોગવી રહ્યો હતો અને એમાંથી છુટકારો દેખાતો ન હતો. સામે કાચના એક નવા જારમાં પારદર્શક કેરોસીનમાં એક છ-સાત મહિનાનો ગર્ભ, મહાસાગરને તળિયે ચમકતી મત્સ્ય-વનસ્પતિની જેમ ઝૂલતો હતો. ગર્ભની આંખો હજી ફૂટી હતી અને આખા શરીર પર સફેદ કરચલીઓ પડેલી હતી. માનુષ્યિક ગર્ભ કહી રહ્યો હતો, તમારી અને મારી સમસ્યા એક જ છે, તમારે થોડું મરવું છે, મારે થોડુ જીવવું છે. ફકત આપણી દિશાઓ જ જુદી છે. એ થરથર્યો, સ્વપ્નમાં સીડી ઉતરતાં પગ લપસે એમ, અને જાગી ગયો' (પાના નં. ૨-૩)

આ સ્વપ્નની પૂર્ણાહૂતી પછી કથક જ સ્વપ્નના વિષયવસ્તુને સ્પષ્ટ કરી આપે છે કે, 'અમરત્વનું સ્વપ્ન પૂરું થયું.' આ સ્વપ્નમાં જેને જીવવું છે, તેની પાસે જીવન નથી અને જેને નથી જીવવું તેને અભિશાપ રૂપી અમરત્વ પ્રાપ્ત થાય છે. અહીં નવજાત ભૃણ તરીકે મારીશા કે તેના પેટમાં રહેલ ભૃણની કલ્પના કરી શકાય તો વૃધ્ધ ભૃણ તરીકે અશ્વત્થામા સમાન અરામ શાહ વ્યંજિત થાય છે. અહીં ધ્યેય વિનાનું અરામ શાહનું જીવન અભિશાપ રૂપ બન્યું છે. સાથો સાથ પોતાની પત્નીને થયેલી કસુવાવડ કે પછી મારીશાના પેટમાં રહેલું ન જન્મી શકેલ ભૃણના શબ્દો 'તમારે થોડું મરવું છે, મારે થોડું જીવવું છે.' અરામ શાહની મનની પીડા અને પશ્ચાતાપ ભાવ પ્રગટ કરે છે. આ સ્વપ્ન વિશે નરેશ વેદ જે નિરીક્ષણ કરે છે તેમાં ભ્રુણ તરીકે મારીશાના અજન્મેલ બાળકના પ્રતીક તરીકે જુએ છે. *'પત્નીના મૃત્યુ બાદ છેલ્લા સુખ અને આલંબન રૂપ પુત્રી પણ ચાલી ગઈ છતાં મરી જવાને બદલે કૃતક જિંદગી જીવવાનો એને પ્રયત્ન કરવો પડી રહયો છે. આ કારણે જીવતા પ્રો.શાહને, જીવીત રહેવાનું વરદાન ભોગવી રહેલા પ્રો.શાહને, મારીશાની આત્મહત્યાને કારણે આ ધરતી ઉપર ન જન્મી શકેલો એનો ગર્ભ જાણે સમક્ષ ઉપાલંભ આપે છે. જન્મ ન પામી શકતો ગર્ભ અને મૃત્યુ ન પામી શકવાનો શાપ ભોગવતો પોતે એનું તીવ્રકરુણ સંવેદન સ્વપ્નમાં આ રીતે દેખા દે છે.'* ( વેદ નરેશ, લઘુનવલ વિમર્શ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૧, પાર્શ્વ

પ્રકાશન, પાના ન.૬૦) આરામ શાહના મનમાં પણ પોતે આટલું બધું થયું હોવા છતા જીવતો છે તે વાતનો વસવસો થાય છે. આટલી પીડા છતાં તે મારતો નથી પેરેલાઈઝડ થઈને ખાટલામાં પડ્યો છે.

આ ત્રણેય સ્વપ્નો કૃતિની તથા પાત્રની ભાવ પરિસ્થિતિને ઉપસાવી આપે છે. કૃતિને એક નવું જ પરિમાણ આપે છે. આગળ જતા કથામાં કયારેક Juxtapose તો કયારેક ફ્લેશબેકના માધ્યમથી કયારેક ભૂતકાળ તો કયારેક વર્તમાનમાં ઝોલા ખાતી ખાતી વસ્તુસંકલનાનું મજબુત જાળું ગૂંથાતું જાય છે. કથમાં વચ્ચે એક જગ્યાએ અરામ શાહ ભૂતકાળમાં સરી પડ્યા હોય છે. ત્યારે કથામાં ચોથું સ્વપ્ન નિરૂપાય છે. અરામ શાહ પત્નિના મૃત્યુ બાદ પોતાની પુત્રીને લઈને જયુરાસિક પાર્ક લઈને જાય છે. ત્યારે રાત્રીના આ સ્વપ્ન આવે છે.

"સ્વપ્નમાં એની પત્ની આવી, સફેદ-સફેદ અને પૂરેપૂરી સ્વચ્છ. એ પૂછી રહી હતી, ‘અહીં શા માટે લઈને આવ્યો છે મને?’

એણે કહ્યું, નેશનલ પાર્ક અને ગેમ સેંકચ્યુઅરી જોવા. અહીંથી ચાળીસ માઈલ છે, પછી હાથીઘાસ આવે છે, એમાં હાથી પર જવાનું. જાનવરો જોવા મળશે. વાઘ વરુ અને હાયેના, કદાચ એકાદ શિકાર પણ જોવા મળે.

‘પણ મારે શિકાર જોવો નથી,’ એની પત્નીએ કહ્યું.

‘પણ મારે જોવો છે, મારીશાને જોવો છે,’ એણે કહ્યું.

પણ મારીશા? મારીશા ક્યાં? મારીશા ક્યાં ખોવાઈ ગઈ?

એ જોતો રહી ગયો હતો. બન્ને દોડતાં નીચે ઉતર્યાં, ખીણમાં પાછળ મંદિર હતું, ધ્વજ ફરફરી રહ્યો હતો. નીચે, ખૂબ નીચે ગયા પછી જોયું તો એક ઝાડ નીચે મારીશા પડી હતી, ઉઝરડાયેલી, એના શરીર પર નહોર મારવાના ડાઘ હતા. અને એની આંખો ઊઘડી ગઈ, સ્વપ્નનો ભૂકો થઈને વેરાઈ ગયો–" (પાના નં. ૭૩)

અહીં અરામ શાહની પત્ની સફેદ વસ્ત્રોમાં આવે છે. જે તેને મૃત આત્મા તરીકે પ્રસ્થાપિત કરે છે. ભારતીય પરંપરા મુજબ જોઈએ તો તે પોતાની નાની છોકરી મૂકીને મરણ પામી હતી. તેથી તેનામાં તેનો જીવ હોય એ સ્વભાવિક છે. વળી માતા વિનાની બાળકીને ઉછેરનાર પિતાને પણ ચિંતા હોય કે જો દીકરીને કાંઈ થઈ જશે તો ઉપર જઈ તેની માતાને શું મોઢું બતાવીશ? આ જ ગડમથલમાંથી આ સ્વપ્નનું નિર્માણ થયું હશે. મારીશાનું અચાનક ગાયબ થવું તેના ભવિષ્ય તરફ આંગળી ચીંધે છે. જેમાં મારીશા પરપ્રાંતિય ક્રિશ્ચિયન જ્યોર્જ વર્ગીસ સાથે લગ્ન કરી દૂર જતી

રહેવાની છે. તેનું ઉઝરડાયેલ શરીર મારીશાના પતિ દ્વારા તેના પર થનાર દમનને દર્શાવે છે. ખાઈમાં આવતું મંદિર અને ધજા-પતાકા હિન્દુ ધર્મ અને લગ્ન સંસ્થાના પ્રતીક તરીકે પ્રગટ થાય છે. જે રીતે વર્ગીસ પોતાને એક પત્ની અને બાળક હોવાની વાત છૂપાવી મારીશાને ભોળવી જાય છે, પવિત્ર લગ્ન પરંપરાના નામે છેતરપીંડી કરે છે. મારીશા પર થતા અત્યાચાર વગેરેને સામસામે મૂકીએ તો આ સ્વપ્ન ભવિષ્યની ઘટનાની આગાહી રૂપે રજૂ થાય છે. આમ આ ચોથું સ્વપ્ન અરામ શાહને ભૂતકાળની યાદોમાં સરકતી વખતે આવે છે. ભૂતકાળમાં સ્વપ્ન અને સ્વપ્નમાં ભવિષ્ય નિર્દેશ જેવું જ કાંઈક.

આ સ્વપ્નો વડે પ્રો. અરામ શાહના મનની અતલ ઊંડાઈ સુધી પહોંચી શકાય છે. આ સ્વપ્નો નવલકથાને સમજવા માટે સહાયક બને છે. સ્વપ્નની ઘટના આરામ શાહના જીવનનું સંઘનન પામેલ સ્વરૂપ છે. શરૂઆતના ત્રણ સ્વપ્નો તો વાચકની જિજ્ઞાસાવૃતિને પોષે છે. અને નાયક અરામ શાહના ભૂતકાળ અને વર્તમાનને જોડતી કળીનું કાર્ય કરે છે. સ્થળ ઘટનાને બદલે સ્વપ્નોની ઝાળ બિછાવી બક્ષી કલાત્મક ચિત્રો રચી વસ્તુસંકલના અર્થે નવી પ્રયુક્તિઓનો સચોટ અને સાર્થક ઉપયોગ કરી જાણે છે. અગાઉના ત્રણેય સ્વપ્નો સમગ્ર કૃતિનું અંતઃતત્ત્વ તરીકે ઉપસે છે. કૃતિની આકૃતિ બને છે.

આ ત્રણેય સ્વપ્નોને મનોવૈજ્ઞાનિક પરીપાટી પર તપાસીએ તો સ્વપ્ન ત્યારે જ આવે જયારે માણસનું ચિત્ત ચકડોળે ચડ્યું હોય, મન ખિન્ન થયું હોય. મગજમાં અજીબો ગરીબ વિચારોના વંટોળ ચાલતા હોય. ભૂતકાળની દુઃખદ ક્ષણો સતાવતી હોય કે ભવિષ્યની કોઈ ચિંતા હોય. મનમાં અપરાધ ભાવ હોય. મન અજંપો બેચેની અનુભવતું હોય. અહી કથામાં સ્વપ્ન પહેલા આવે છે અને તેનું કારણ ધીરેધીરે ખુલે છે. પત્ની અને વહાલસોયી બાળકીને ગૂમાવી ચૂકેલ ઓગણપચાસ વર્ષનો વિધુર જયારે અંતે પોતાની પીડા આશીકા દીપને જણાવે છે ત્યારે અડીખમ દેખાતા પુરુષનું ખોખલુ ખંડેર બની ચુકેલ મન બહાર આવે છે. જૂઠું હસતા જીવવાના પ્રયત્ન કરતા અરામ શાહની મનઃસ્થિતિ તેના ઘાવ અને પિડાની જાણ થાય છે. સ્વપ્નની પ્રયુક્તિમાં મોટેભાગે બને છે તેમ અહીં પણ સર્વજ્ઞ કથક મારફતે જ સ્વપ્નનું વર્ણન થયું છે. જેથી તેનું સુક્ષ્મ વર્ણન કરી શકાય. વ્યક્તિને પોતે જોયેલ સ્વપ્ન પુરે પુરું યાદ ન પણ રહે. અથવા એ સ્વપ્ન એકોક્તિની કક્ષાએ પહોંચી જાય એવું પણ બને. સ્વપ્નની શરૂઆત અને તેનો અંત પણ કથક દ્વારા વાચકને જણાવી દેવામાં આવે છે જે વાચકને સ્વપ્ન માનવા પ્રેરવાની યુક્તિ જેવું લાગે છે. પરંતુ મુખ્ય કથામાં સ્વપ્નને અલગ

દર્શાવવા આવી યુક્તિ કરવી આવશ્યક પણ બને છે. પ્રથમ ત્રણ સ્વપ્નો સવારના પહેલા પહોરમાં આવે છે. જયારે ઊંઘ એકદમ ગાઢ હોય છે. અને એ સમયમાં સ્વપ્ન આવવાની સૌથી વધુ સંભાવના હોય છે. ચોથું સ્વપ્ન પણ તેને મોડી રાત્રે જ આવે છે. આમ સ્વપ્નની સંભાવનાને મનોવૈજ્ઞાનિક રીતે મૂકવામાં બક્ષી સફળ રહયા છે.

સ્વપ્નની ભાષા પણ અપેક્ષા મુજબ વર્ણનાત્મક, નાટ્યાત્મક અને ચિત્રાત્મક રહી છે. પ્રથમ ત્રણ સ્વપ્નમાં ચિત્રાત્મકતા વધુ જોઈ શકાય છે શબ્દ દ્વારા સ્વપ્નનું અહિ ચિત્ર વાછાક સમક્ષ ખડું થતું જોઈ શકાશે. ચિત્રની સાથે ગતિ મૂકી નાટ્યાત્મકતા લાવવાનો પણ પ્રયાસ થયો છે. જેમકે 'પહેલા સ્વપ્નમાં સિંહ દોડતા હતા.' આ દોડવાની ક્રિયા આંગીકમની ભૂમિકા ભજવે છે. તો તે સિંહોનું વર્ણન ચિત્ર ઊભું કરી આપે છે. 'આંખોમાંથી અટકેલા રેલા સુકાઈને ચોંટી ગયા હતા.' વળી આ સ્વપ્નમાં રહેલ સામગ્રીનું અર્થઘટન પણ જોઈ શકાય છે. કે આ સિંહને જોઇને દર લાગતો ન હતો એના બદલે તેમના પર દયા ઉપજે તેવી એમની સ્થતિ હતી. આથી આ સ્વપ્નમાં વિશ્લેષણનો દ્રષ્ટિકોણ પણ ભળે છે.

સ્વપ્નમાં મોટે ભાગે દશ્ય ઈન્દ્રિયનો જ ઉપયોગ થતો હોય છે સ્વાદ કે ગંધ સ્વપ્નનો અનુભવ ભાગ્યે જ બને છે. સર્જક અહિ રજુ થયેલ સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં ગંધનો અનુભવ કરાવે છે. આરામ શાહને દેખાતા એક ઓરડામાં 'ડીસ-ઇન્ફેકટન્ટની તીવ્ર, સરસ ખુશ્બૂ આવી રહી હતી.... અને જીવતા માણસોની જુદી જુદી ગંધો જીવતી હતી.(પાના ન.૨) નાયકને આવતા સ્વપ્નો પાછળ તેની બોદ્ધિક ક્ષમતા પણ જવાબદાર હોય તેવું લાગે છે. પ્રથમ સ્વપ્નમાં જ જણાવાય છે કે,'એ પ્રોફેસર હતો એટલે પ્રોફેસરના અંદાજથી સ્વપ્નમાં વિચારી શકતા.'(પાના ન.૧)

શરૂઆતના ત્રણ સ્વપ્નો ચિત્રાત્મક વર્ણન દ્વારા દશ્યો ઉભાં કરે કરે છે જયારે ચોથા સ્વપ્નમાં સંવાદ ભળતા આ સ્વપ્ન પૂરેપૂરું નાટ્યાત્મક બને છે. આ ત્રણ સ્વપ્નો કરતા આ ચોથું સ્વપ્ન સહજ જ જોતા અલગ લાગે છે. ચોથું સ્વપ્ન ભૂતકાળ પણ છે અને સ્વપ્ન દશ્ય પણ રજુ કરે છે.

મનની ગહેરાઈમાં ઉપસતાં ચિત્રોને શબ્દ ચિત્ર દ્વારા કથામાં વણી લેવામાં સર્જક ઉત્તમ કલાકારી કરી ગયા છે. પ્રતીકોનું વિશ્વ ભલે જૂનું હોય પણ તેનું સંયોજન અને અર્થઘટન નવીન પરીપાટી તરફ દોરી જાય છે. પછી તે સજીવ પ્રતીક કૃશકાય સિંહ હોય કે નિર્જીવ મહેલ, ટેલીફોન

કે પછી ઝારમાં સંગ્રહાયેલ ભૃણ હોય. આ પ્રતીકાત્મક ભાષા સ્વપ્નની પ્રયુક્તિને સાર્થક બનાવી કલાકીય ઓપ અર્પે છે.

સમયને ફ્રીજ કરી કોઈ બાબત રજૂ કરવા અર્થે અહી 'પેરેલિસિસ'ના સ્વપ્નો રજૂ થયેલા છે. માત્ર રાત્રીના એકાદ પ્રહરમાં સમગ્ર કથાના હાર્દને આ સ્વપ્નોમાં સમાવી લેવાયો છે. સમયસંકલના અર્થે મુખ્ય પ્રયુક્તિ બાય ફોકલ જ છે સ્વપ્ન તો તેને સહાયક પ્રયુક્તિ તરીકે કામ કરે છે. શરૂઆતમાં જ ત્રણ સ્વપ્ન મૂકી વાચકમાં જીજ્ઞાસા જગાવવાનું કાર્ય સર્જક કરી શક્યા છે. કથાના વિસ્તારને ત્રણ સ્વપ્નોમાં સમાવી આગળ ધીરે ધીરે કથાને ખોલતા જાય છે. આમ કથાના વિસ્તારના બીજનું - પાયાનું કાર્ય આ ત્રણ સ્વપ્ન કરે છે.

સ્વપ્ન પ્રયુક્તિમાં, વસ્તુસંકલનાની ગૂંથણીમાં બરાબર બંધ બેસે એ માટે આવશ્યક છે, પાત્રની મનઃસ્થિતિ. અહીં અરામ શાહનું પાત્ર ખુબ જ રુજુ હ્દયનું દર્શાવાયું છે. વળી નિરાશ, હતાશ, એકલવાયી સ્થિતિ તેના મન અને મસ્તિષ્કમાં કેમિકલ લોચા કરે તે રીતે તેનું ચરિત્ર નિર્માણ થયું છે. અને પોચાં મનના વ્યકિતને ભયાનક સ્વપ્નો વધુ આવતા હોય છે. કથામાં અનેક વાર નિર્દેશ કરેલ છે કે, અરામ શાહને ઊંઘ ખુબ જ આવે છે. સ્વપ્ન માટે ઊંઘવું આવશ્યક બને છે. એકલવાયી સ્થિતિમાં પોતાનું દુઃખ કોઈને ન કહી શકવાની સ્થિતિમાં સ્વપ્ન સ્વરૂપે વિરેચન પામે છે.

શરૂઆતના વિચિત્ર સ્વપ્નોનું કારણ જાણવા વાચકે સંપૂર્ણ કથા વાંચવી આવશ્યક બને છે. અને આ સ્વપ્નોને કારણે રહસ્ય જન્મે છે. જે અંતે ઘટસ્ફોટ પામે છે. માત્ર આગળનો જ નહીં કથાના ચારેય સ્વપ્નોનું અર્થઘટન કથાને પૂરી વાચ્યાં પછી જ શકય બને છે. વસ્તુસંક્લાની દષ્ટિએ એક ચમકારો કરી ઉત્સુકતા જગાવતા આ સ્વપ્નો રહસ્ય કથા માફક વાચકને તેનો મર્મ જાણવા ઉત્સુક બનાવે છે.

સંદર્ભ : ચંદ્રકાંત બક્ષી, પેરેલિસિસ, નવભારત સાહિત્ય મંદિર- અમદાવાદ, આવૃત્તિ-૨૦૦૯ માંથી.